**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

**ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ**

**પ્રશ્નપત્ર - ૧**

**(સમય : સવારે ૯ થી ૧૨)** **રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨** **કુલ ગુણ : ૧૦૦**

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વરતાલ પ્રકરણ : ૩, ૫, ૧૧ ગ. અં. પ્ર. ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**☞ અગત્યની સૂચના ☜**
**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

**(વિભાગ - ૧ : 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજનાં વચનામૃત અથવા સ્વામીની વાતુનાં પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણાં અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. નિર્વિકલ્પ નિશ્ચયનાં પ્રકાર અને સ્વરૂપ. (લો.૧૨/૨૯૧-૨૯૨)**

જ. નિર્વિકલ્પ નિશ્ચયના ત્રણ પ્રકાર છે. (૧)કનિષ્ઠ (૨) મધ્યમ (૩) ઉત્તમ

(૧) કનિષ્ઠ : ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે.

(૨) મધ્યમ : શ્વેતદ્વિપ ને વિષે રહ્યા જે ષટઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે.

(૩) ઉત્તમ : અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.

**૨. તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (અં.૧૬/૫૭૮)**

જ. 'તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહીં.'

**૩. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતનાં લક્ષણો. (અં.૨૬/૫૯૭)**

જ. 'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇન્દ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહીં, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહીં.'

**૪. મુંબઈના ગવર્નરનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (લો.૧૭/૩૧૧)**

જ. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરસી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરસી ન નાંખી દે ને આદર કોઈ ન કરે, ત્યારે કાંઈ એને તે ઇંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશમાત્ર પણ થતું નથી. શા માટે જે, એ ઇંગ્રેજની મોટાઈ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું.' એવું જાણીને ધોખો થાય નહીં.. તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહીં અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહીં. માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહીં.'

**૫. વચ. ગ.અં.૩૮માં જણાવેલ સદા સુખિયા રહેવાના ઉપાયો. (અં.૩૮/૬૨૭-૬૨૮)**

જ. એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ માટે જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા ને નિવૃત્તિપર થવું ને બરોબરિયાની સોબત ન રાખવી, ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય, એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે, અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી. (વચ. ક્રમાંક લો.૫-૨૬૧)(૨)

૨. એવી રીતે એ ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. (વર.૩/૫૦૧)(૮)

૩. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (વર.૫/૫૦૬)(૯)

૪. દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે એ માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય અને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી, એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. (અં.૩૯/૬૨૮)(૨૯)

૫. જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહીં, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહીં એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે સગાવહાલા છે ને તે જ અમારી નાત છે. (અં.૨૧/૫૮૭)(૨૪)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

१. **સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ :** **(૧) (વર. ૧૧)** માટે **સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ** એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે. **(૨) (ગ.અં. ૭)** જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને **આત્મબુદ્ધિ** વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. (૧૪) **(૩) (ગ.અં. ૧૧)** જેવી પોતાના દેહને વિષે **આત્મબુદ્ધિ** ને દૃઢ પ્રીતિ રહે છે, તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે **આત્મબુદ્ધિ** ને દૃઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. (૧૮) **(૪) (ગ.અં. ૧૧)** જીવને જેવી દેહને વિષે **આત્મબુદ્ધિ** છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે **આત્મબુદ્ધિ** હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. અને ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં. (૧૯)

२. **નિર્વિઘ્ન ભક્તિ : (૧) (ગ.અં.૮)** ભગવાનના ભક્તને એ જ મોટું વિઘ્ન છે જે, જે પોતામાં દોષ હોય તેને દેખે નહીં અને ભગવાન ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય, એ જ એને અતિશય મોટું વિઘ્ન છે. **(૨) (ગ.અં.૯)** માટે પોતાની **ભક્તિને નિર્વિઘ્ન** રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજાં પદાર્થ ત્યાં પેસવા દેવાં નહીં. (૧૫) **(૩) (ગ.અં. ૧૧)** જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું **વિઘ્ન** લાગે નહીં. અને ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં. (૧૯)

**(વિભાગ - ૨ : 'સનાતન ધર્મ અભિગમ' નવી આવૃત્તિના આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૪) આ નોંધ પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.**

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**૧. મૂર્તિપૂજાની જરૂરિયાત**

| | | |
|---|---|---|
| ૧. | મૂર્તિપૂજાની પ્રાચીનતા - વ્યાપકપણું, મૂર્તિપૂજા શા માટે ? | ૮૩ |
| ૨. | અનુભવજ્ઞાનના વિરોધમાં 'ઈશ્વર છે જ નહિ' તેવી દલીલ. | ૮૩ |
| ૩. | સર્વવ્યાપક અને નિરાકાર છે. એને જોઈને આત્માનંદનો અનુભવ કરવો જોઈએ. | ૮૩ |
| ૪. | પરમાત્મા સર્વવ્યાવક તેમજ સાકાર - મૂર્તિમાન. | ૮૪ |
| ૫. | પરમેશ્વર ઇન્દ્રિયાતીત, અર્નિવચનીય અગોચર. | ૮૪ |
| ૬. | પરમેશ્વર સદા સાકાર - શ્રુતિમાં પરમાત્માનું અતિ તેજોમય દિવ્ય સાકાર સ્વરૂપનું વર્ણન. | ૮૫ |
| ૭. | શંકરાચાર્યના શિષ્યો 'ब्रह्म सत्यं जगन्मिथ्या ।' | ૮૬ |
| ૮. | વ્યાપક બ્રહ્મ એક મૂર્તિમાં જ કેમ રહી શકે ? | ૮૬ |
| ૯. | રામાનુજાચાર્યનું શંકારહિત સમાધાન. | ૮૬ |
| ૧૦. | બ્રહ્મ સાકાર જ છે...... અમે પ્રત્યક્ષ નજરે દેખીને કહી છે. | ૮૬-૮૭ |
| ૧૧. | સાકારવાદનો સ્વીકાર - પરમાત્મા મનુષ્યરૂપે દિવ્યભાવ સહિત વિરાજે છે. | ૮૭ |

૧૨. ઋષિમુનિઓ દ્વારા મૂર્તિપૂજા - મૂર્તિપૂજા માટે મંદિરો - મહારાજનો મ.૨૭માં મંદિરો વિષેનો અભિપ્રાય. ૮૮

૧૩. આઠ પ્રકારની મૂર્તિ. ૮૯

**૨. તમાકુ અને ધૂમ્રપાન સર્વથા ત્યાજ્ય છે. (૨૬-૩૦)** **૧.** પૂર્વભૂમિકા - વિપરીત અસરોની જાણકારી **૨.** હાનિકારક નિકોટીન તત્ત્વ. **૩.** ધૂમ્રપાનથી થતુ નુકસાન **૪.** ધૂમ્રપાન અર્થાત્ વિષપાન. શરીરના તમામ કોષો તથા તેના અંગોને પ્રભાવિત કરે છે. **૫.** નિકોટીનથી થતો રક્તકણોનો નાશ **૬.** પ્રાણઘાતક રોગોને આમંત્રણ **૭.** ધૂમ્રપાનથી થતી અનેકની ખુવારી

**૩. બ્રહ્મચર્યભંગનાં શારીરિક, માનસિક અને વાચિક કારણો (૪૮-૫૦)**

**૧.** પૂર્વભૂમિકા **૨.** આહારમાં અવિવેક **૩.** શૃંગાર **૪.** કુસંગ **૫.** કુવિચાર **૬.** કુચર્ચા **૭.** સિનેમા **૮.** અનિયમિતતા **૯.** આત્મદોષ **૧૦.** ઘરનું વાતાવરણ **૧૧.** અસંયમ

**(વિભાગ - ૩ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ નવી આવૃત્તિના આધારે)**

**(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮**

**ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. પરમહંસો અને હરિભક્તોના જીવનમાં પ્રસંગે પ્રસંગે વ્યક્ત થતી આજ્ઞાપાલનની દૃઢતા.**

૧. 'આ જનોઈ, કંઠી, ચોટી કાઢી નાખો. પૂજાનાં બંધન કાઢી નાખી માનસી પૂજાનું સુખ લો. પરમહંસ દશા ગ્રહણ કરો' - મહારાજે કરેલી આજ્ઞા સંતોએ પાળી - રાત્રીના એક જ પ્રહરના ઉપદેશથી પાંચસો સંતોએ લીધેલી પરમહંસ દીક્ષા. ૨/૨૬૦-૨૬૧

૨. મહારાજના એક જ પત્રથી સૌરાષ્ટ્રના જાણીતા અઢાર દરબાર હરિભક્તો પરમહંસ થવા નીકળ્યા. ૨/૨૯૧- ૨૯૨

૩. 'આદી' શબ્દમાં અજા પટેલના ભાણા કલ્યાણદાસ લગ્નના માંડવેથી નીકળી . ૨/૨૯૩-૨૯૬

૪. શિયાળ ગામે પરમહંસ બની જેતલપુર ગયા. ત્યાંથી રામદાસજી સ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે સાથે ભુજ ગયા. ૨/૨૯૬-૨૯૭

૫. 'આદી' શબ્દમાં આવેલા કલ્યાણદાસનું નામ 'અદ્‌ભુતાનંદ' રાખ્યું. ૨/૩૦૩-૩૦૬,૩૩૧

૬. લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે ? મહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી પર બેસે છે. ૨/૩૧૮-૩૨૦

૭. નવા થયેલા સંતોને ગૃહસ્થ થવાની આજ્ઞા - અદ્‌ભુતાનંદને પોતાના ગામ કડુ અને સાસરાના ગામ મેથાણમાં ભિક્ષા માંગવાની આજ્ઞા ૨/૩૩૦-૩૩૨

૮. મહારાજના પણ ગુરુ મુક્તાનંદ સ્વામી હતા છતાં સદાય મહારાજની આજ્ઞામાં તત્પર રહેતા મંડળ સાથે શ્રીનગર ગયા. ૨/૩૩૪

૯. આનંદાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામીને સંસ્કૃત ભણવાની આજ્ઞા - અમે શાસ્ત્રવિદ્યામાં પારંગત થઈશું. ૨/૪૧૧

૧૦. મહારાજની મરજી જાણી જેતલપુરમાં હરિભક્તોએ બ્રાહ્મણોની ચોરાસી અને મહારુદ્રની કરેલી તૈયારી - મણથી મંડાણ કરેલું પાંચસો મણે અટક્યું. ૨/૪૧૧-૪૧૨

૧૧. મહારાજની આજ્ઞા પાળી મહારાજને પ્રસન્ન કરવાનો અમારે પણ એવો જ ખપ છે. - સ્વરૂપાનંદ સ્વામીના મંડળના સંતો. ૨/૪૧૫

૧૨. જામનગરમાં પાંચ દિવસ સારી ભિક્ષા મળી તો મહારાજની આજ્ઞા 'સન્માન થાય ત્યાંથી નીકળી જવું.' સંતો નીકળી ગયા. ૨/૪૧૭

૧૩. મહારાજની આજ્ઞાથી દાદાખાચરે તમામ ઢોર વેચીને અનાજ લઈને કોઠારો ભરપૂર કર્યાં. ૩/૨૪૧

૧૪. જાળિયાની મંદવાડલીલામાં મહારાજ આજ્ઞા કરે તેમ ભક્તોએ નિર્દોષબુદ્ધિ - દૃઢતા રાખી પાલન કર્યું - મને પાશેર જલેબી જમાડવાની ના પાડો છો ? - ગંગાનું પાણી લાવો, અમારે ન્હાવું છે - આ ગાડાંને ખેંચીને લાંબુ કરો. ૩/૨૭૫-૨૮૦
૧૫. ક્ષમાના ખડ્ગ વડે ભૂમિનો ભાર હરવો છે - વિરોધનો વંટોળ. ૪/૪૭-૫૧


**૨. અગણોતેરા કાળમાં શ્રીહરિએ કરેલી ભક્તોની રક્ષા**

૧. મહારુદ્ર મહારાજના દર્શને - મહારાજને વિનંતી કરી - આપે આગાહી કરી છે તેથી આપની આજ્ઞા નહિ પાળે તેનો કચ્ચરઘાણ નીકળી જશે. આપના ભક્તનો અપરાધ થઈ જાય તો ક્ષમા કરશો. ૩/૨૪૦
૨. આપના સંતોને વામમાર્ગી બાવાઓએ માર્યા - આવા બાવાઓને લીધે ભાગવત ધર્મનું સ્થાપન નહિ થાય માટે આપની પ્રેરણાથી અધર્મનો નાશ કરીશ. ૩/૨૪૦-૨૪૧
૩. મહારાજે દાદાખાચરનાં ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધા હતાં - ઢોરના વેચાણમાંથી ઊપજેલ રકમમાંથી તુવેર, ચોખા, બાજરો, જુવારના કોઠાર ભરી દીધા. ૩/૨૪૧
૪. દાદાના દરબારમાં સદાવ્રત કરવાનો સંકલ્પ - ઝીણાભાઈને ત્યાં સો કળશી જુવારની ખાણ નખાવી હતી. લીમડીના મૂળજી શેઠના ઢોર વેચાવી અનાજ લેવડાવ્યું હતું. બંને ત્યાં સુધી ભૂખના દુઃખે લોકોને મરવા ન દેવાની મહારાજની દયાળુ પ્રકૃતિ. ૩/૨૪૧
૫. મહારાજ ગુપ્તવેશે ઉદાસીનતા ધારણ કરી દાદાના દરબારમાં રહેવા લાગ્યા. તપસ્વીનો વેશ ધારણ કર્યો. કેટલાક સંતોને સુરત મોકલી દીધા. ૩/૨૪૨
૬. મહારાજ રાત્રે વેશપલટો કરી અનાજ વહેંચવા નીકળતા - સત્સંગી કે બિનસત્સંગીના ભેદ વિના અનાજ વહેંચતા. ૩/૨૪૨
૭. જીવા સિંધવે મહારાજને કહ્યું કે વરસાદ નહિ પડે તો ખૂબ મુસીબત થશે. માણસ માણસને ખાશે. આપ ભગવાન છો. આપનું ધાર્યું જ થાય છે. મહારાજે રાત્રે કૃપા કરી તેના ખેતરમાં વરસાદ વરસાવ્યો. ૩/૨૪૩
૮. સુરાખાચરની વિનંતીથી મહારાજ સંતોને તેમના દરબારમાં મોકલવા તૈયાર થયા. ૩/૨૪૪
૯. મહારાજ વેશપલટો કરી બોટાદમાં - હમીર ખાચર મહારાજને ઓળખી ન શક્યા. ૩/૨૪૫
૧૦. એભલ ખાચરના દરબારમાં મહારાજે રાત્રિ સદાવ્રત શરૂ કરાવ્યાં હતા. કારણ સુખી ઘરનાં માણસો દિવસે અનાજ લેવા આવતાં અચકાતાં હતા. ૩/૨૪૬
૧૧. ભીમનાથના લોકોની પરિસ્થિતિ : કાળની વિષમતા ઘેરી - અનાજના સાંસા અનાજ મેળવવા ટોળેટોળા - ધક્કા મુક્કી - દીકરાને મળ્યું હોય તે ઝૂંટવીને મા ખાઈ જતી. ૩/૨૪૭
૧૨. જીવા ખાચરને વિષ ઘોળવાનો વખત : જીવા ખાચરે ભીમનાથના સદાવ્રતની વાત કરી. મહારાજની આંખમાં આંસુ - જીવા ખાચર પોતે જમવા બેસે અને માંગણ આવે તો તેને થાળી આપી દેતા - વિષ ઘોળવાનો વખત આવ્યો છે તેવી વાત કરી. વસ્તા ખાચરે શ્રીહરિની આજ્ઞાથી રૂપિયા એક હજારની સેવા કરી. હરિભક્તોએ પૂજન કરી આપેલ રૂપિયા જીવા ખાચર તથા એભલ ખાચરને આપ્યા. કોઠીમાં અનાજ ભરી ઉપરથી છાંદી દેવાની આજ્ઞા. ૩/૨૪૭-૨૪૮
૧૩. વસ્તા ખાચરને મહારાજે ભાયાતો, કાઠીઓ, સત્સંગીઓ બધાને અનાજની મદદ કરવાની આજ્ઞા કરી. આમ અનાજની મદદ ન કરે તો ચોરી લૂંટફાટનું અનિષ્ટ વધી જાય. તે રોકવા મહારાજે વસ્તા ખાચરને આવી આજ્ઞા કરી. ૩/૨૫૫-૨૫૬
૧૪. મેથાણના દેવશંકર અને કૃષ્ણજીને મળવા તેમના ગામને પાદર મહારાજ પધાર્યા. સૌની ખબર લેવા મહારાજ સ્વયં બધે વિચરતા. મહારાજનો જ ભક્તોને કઠણકાળમાં આશરો હતો. તેથી મહારાજ સ્વયં પધારતા. ૩/૨૫૬-૨૫૭

૧૫. મેંથાણના દરબાર પૂંજાભાઈ તથા કાકાભાઈને મહારાજે જેતલપુરથી અનાજ અપાવ્યું. ૩/૨૫૯-૨૬૦
૧૬. મહારાજ પંચાળા પધાર્યા. ઉપલેટાનાં વેરાભાઈ દર્શને આવ્યા. મહારાજની અનાજ સાચવવાની આજ્ઞા પાળી ન હતી તેથી દુઃખી હતા. મહારાજે ઝીણાભાઈ પાસે તેમને ખાનગીમાં વસ્ત્ર , દાણા, રકમ વગેરે અપાવી. ૩/૨૬૨
૧૭. ભાદરામાં વશરામ સુથાર મહારાજને ઓળખી ન શક્યા તેથી પાણી પીવા ન આપ્યું. ૩/૨૬૩
૧૮. સંતો રસકસ વગરનું જમતા. તેથી શરીરે અશક્ત થઈ ગયાં હતાં. બ્રહ્માનંદ સ્વામીનું રતાંધળાપણું જોઈ મહારાજની આંખો ભીની થઈ ગઈ. મહારાજે સંતોને ખટરસના નિયમ મૂકાવી સારું ભોજન જમાડવા હરિભક્તોને આજ્ઞા કરી. ૩/૨૬૬-૨૬૭
૧૯. કુંડળમાં રાઈબાઈની ઇચ્છાથી મહારાજે તપસ્વીનો વેશ વગેરે છોડીને વૈષ્ણવી ચિહ્નો ધારણ કર્યાં. કાળના ઝપાટાને મહારાજે રોકી સમગ્ર દેશમાં દેશકાળ સારા થાય એવો સંકલ્પ કર્યો. ૩/૨૬૮
૨૦. સંતોના ભજનથી અષાઢ માસમાં મહારાજની કૃપાથી વરસાદ વરસ્યો. મહાકાળ અહીં થંભી ગયો. ૩/૨૭૨

**૩. શ્રીહરિનાં નારી ભક્તરત્નો**

૧. બોચાસણમાં નાનીબાને મહારાજ - 'તમારા હાથના રોટલા ખાધા છે તેમનું પણ કલ્યાણ.' ૨/૧૯૭-૧૯૮
૨. જમનાબા કઢીમાં મીઠું નાખવાનું ભૂલી ગયાં - છતાં મહારાજને તે જમનાબાની ભક્તિનો અપૂર્વ સ્વાદ. ૨/૨૧૦
૩. કલ્યાણદાસના માતા દેવુબાઈ - દીકરાને સાધુ થવા સોંપી દીધો. ૨/૨૯૪
૪. નિરાવરણ દૃષ્ટિવાળાં સદાબાનો પ્રગટ સ્વરૂપના દર્શનની ઝંખનાનો સાદ સાંભળી મહારાજ કેરામાં પધાર્યા. ૨/૩૧૫, ૩૧૬
૫. જેતલપુરની ગણિકા યજ્ઞ માટે ઘઉ દળીને પાવન થઈ ગઈ. ૨/૪૧૮-૪૧૯
૬. પુત્રભાવે જેતલપુરના ગંગામાના લાડનું સુખ લેતા શ્રીજીમહારાજ. ૨/૪૨૯
૭. મહારાજ ગણિકાને ઘેર પધાર્યા. ૨/૪૩૫
૮. વહેલાલમાં વખતબાને ઘેર - અમને સંતાડી દો. - મહારાજનું મનુષ્ય ચરિત્ર - છતાં દિવ્યતા ભક્તિભાવ તેમના પ્રત્યે એવો ને એવો જ. ૨/૪૭૫
૯. કરણીબાનું અંતર મહારાજના ચરણારવિંદમાં વાગેલ કાંટા જોઈ દ્રવી ગયું. - ડભાણની લીલાના દર્શન ઘેર બેઠા જ કરાવવાનું મહારાજે વચન આપ્યું. ૩/૩૨
૧૦. મહારાજ ડભાણમાં છતાં કરણીબાને દિવ્ય સ્વરૂપે દર્શન. ૩/૩, ૭૦
૧૧. ભાદા પટેલના ધર્મપત્નીએ બ્રાહ્મણોની ચોરાસી માટે ઘરમાં રાખેલ સીધું આપી દીધું. ૩/૧૦૧
૧૨. મહારાજ વિજાપુરમાં વજીબાને ત્યાં. ૩/૧૧૬-૧૨૧
૧૩. મહારાજ રાણદેબા સાથે નેતરાં તાણે છે. ૩/૧૮૨-૧૮૩
૧૪. સારંગપુરમાં બાઈ હરિભક્તોની ભક્તિથી રાજી થઈ મહારાજે આપેલ ફગવા. ૩/૨૨૫-૨૨૭
૧૫. મહારાજનો દુષ્કાળ વખતે તપસ્વીનો વેશ જોઈ ભાદરામાં વશરામભાઈ ઓળખી ન શક્યા. જ્યારે તેમના પત્નીએ ઓળખી લીધા. ૩/૨૬૩
૧૬. મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબાએ મહારાજને વરવો વેશ (તપસ્વીનો) કાઢી નાખવા મીઠો ઠપકો આપ્યો. મહારાજે રાઈબાની ઇચ્છાને માન આપ્યું. ૩/૨૬૮
૧૭. જયાબા તથા લલિતાબાનો ભક્તિભાવ ખૂબ જ - ઉમંગપૂર્વક સંતો હરિભક્તો મહારાજની સેવામાં. ૩/૨૮૪-૨૮૫
૧૮. વાણીનો દોષ - સોમબા ફુઈ દગડા ચોથના દિવસે ગાળો બોલ્યા - મહારાજને ગમ્યું નહિ - ચાલી નીકળવા તૈયાર - સોમબા ફુઈની ખૂબ જ વિનંતી. આજીજી - અંતરથી પશ્ચાત્તાપ - મહારાજ પીગળી ગયા. ૩/૩૫૨-૩૫૮
૧૯. અદીબાનો રસોઈ આપવાનો ભાવ જોઈ મહારાજે સંતોને જમ્યા છતાં બીજી વાર જમવાની આજ્ઞા - મહારાજે જાતે પીરસ્યું. માથે રેડ્યું. ૩/૩૬૦

૨૦. મછિયાવમાં ફૂલદોલ ઉત્સવ - ફૈબાની ભક્તિ તો અનન્ય - પણ ભક્તિમાં સ્વભાવ વિઘ્ન ન કરે તેવો મહારાજે ઉપદેશ કર્યો. ૩/૩૭૮-૩૭૯

૨૧. ધરમપુરના કુશળકુંવરબાની અનન્ય ભક્તિ. ૩/૪૦૦

૨૨. ધરમપુરમાં મહારાજનું સ્વાગત. ૩/૪૦૩

૨૩. રાજમાતાના હાથે ફોલેલ અણીશુદ્ધ ચોખા - સૌને બતાવી રાજમાતાની ભક્તિની પ્રશંસા. ૩/૪૧૪-૪૧૫

૨૪. મોડી રાત્રે મહારાજને ભૂખ લાગી તો રાજમાતા જાતે જમાડવા પધાર્યા. ૩/૪૧૭ થી ૪૧૯

૨૫. વખતબાનું તપ - તેમના પ્રતાપે ટોપલામાંથી મહારાજે બધાને કેરીઓ વહેંચી છતાં ખૂટી નહિ. ૪/૩૨

**નોંધ :**(આ બધા પ્રસંગો સ્ત્રી હરિભક્તોની મહારાજ પ્રત્યેની ભક્તિના છે. આ પ્રસંગો અભ્યાસક્રમમાં આવતા હોય તેવા જ પ્રસંગો છે. ઓછામાં ઓછા ૫ થી ૬ પ્રસંગો લખેલ હોવા જોઈએ. આ પ્રસંગમાં તે હરિભક્તની ભક્તિ, પ્રસંગનું હાર્દ, તેની વિશેષતા, પ્રસંગમાંથી બોધ, પ્રસંગની અસ્મિતા વગેરે જણાવ્યું હોય તે રીતે ગુણ આપવા.)

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. શ્રીજીમહારાજે કરેલી નાજા જોગિયાની રક્ષા**

૧. નાજા જોગિયાને દુઃખ આવ્યું છે તેનું નિવારણ કરવા અમારે જવું પડશે. - મહારાજ ઉદયકુંવરબાને ૩/૧૨૭

૨. ‘અમારા ભક્ત દુઃખમાં આવ્યા છે. તેમને છોડાવવા માટે અમારે જલદી જવું જોઈએ. - મહારાજ ભાણજી મહેતાને. ૩/૧૨૮

૩. તે જો ભગવાન હોય તો કાલે સવારે અહીં હાજર થાય નહીં તો તારા ઢીંચણ ભાંગી જશે. - વાસુરખાચર નાજા જોગિયાને - નાજા જોગિયાએ મહારાજને કરેલી પ્રાર્થના. ૩/૧૨૯

૪. તમે દરબારને ખબર પહોંચાડો કે નાજા જોગિયાના ભગવાન આવી ગયા છે. - ભોંયરામાં મહારાજ ચારણને ૩/૧૩૦

૫. નાજા ! અમે સ્વામિનારાયણ ! તારો સાદ સાંભળીને દોડતા આવ્યા છીએ. - મહારાજ નાજા જોગિયાને ૩/૧૩૧

૬. અમે ભક્તો માટે જ દેહ ધરીએ છીએ. - નાજાએ ચરણારવિંદમાં અસંખ્ય કાંટા જોયા. - એવું કરવું હોય તો ઢીંચણ શું કામ ભાંગીએ ? - તે પાપની સજા તમારે યમરાજના દરબારમાં ભોગવવી પડશે. - જમપુરીથી બીવે એ બીજા - એ તો જમપુરીનો અનુભવ કરવા ગયા છે. - તમે ભગવાન સાચા, જમપુરી પણ સાચી - ભગવાનનો કાયદો ખોટા નથી. - તમારા રાજામાં રામ વસ્યા છે. તમને સૌને આજે છોડી દેશે. - નાજા ! તારે આંહીથી નીકળી જવું. ગઢડે આવીને અમારી પાસે રહેવું. ૩/૧૩૧-૧૩૪

**૨. ધરમપુરના રાજમાતા - સાક્ષાત્ અન્નપૂર્ણા**

૧. બ્રહ્મચારી ! અમને ભૂખ લાગી છે. ૩/૪૧૭

૨. હું જ મહારાજને જમાડવા આવું છું. ૩/૪૧૭

૩. આ રાજમાતા તો સાક્ષાત્ અન્નપૂર્ણા છે. ૩/૪૧૮

૪. અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. ૩/૪૧૯

**૩. સૂબાનું કાવતરું ઉઘાડું થાય છે.**

૧. વામાચારી બ્રાહ્મણોનું દુઃખ ૨/૪૪૦

૨. સૂબો મહારાજને આમંત્રણ આપે છે. - સૂબાના હાથ હેઠા પડે છે. ૨/૪૪૨-૪૪૩

૩. કોઈના પતનમાં આપણે નિમિત્ત ન બનવું - મહારાજ દેવાનંદ સ્વામીને. ૨/૪૪૪

૪. સૂબાનું ફરમાન - ઈડરિયા દરવાજેથી શહેર બહાર નીકળી જાઓ. ૨/૪૪૪

**૪. સારંગપુરના ફૂલદોલ ઉત્સવમાં ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ**

૧. મહારાજે કરેલી હોળીની પૂજા. - કાઠીઓની ગામ ભાંગવાની રમત મહારાજે નિહાળી. ૩/૨૧૯

૨. ભગવાનના ભક્ત સાથે હારીને રાજી થવું. - મહારાજે આપેલો કાઠી હરિભક્તોને ઉપદેશ. ૩/૨૨૦

૩. જીવાખાચરે પુષ્પદોલોત્સવની કરેલી તૈયારી. ૩/૨૨૦

૪. રાઠોડ ધાધલને ત્યાં સંતો-હરિભક્તો રંગ લઈ મહારાજને ઘેરી વળ્યા. ૩/૨૨૧

૫. મહારાજે સમજાવેલી રમવાની રીત : એક પક્ષે મહારાજ અને સંતો અને બીજે પક્ષે હરિભક્તો. ૩/૨૨૧

૬. સ્ત્રી હરિભક્તોએ મહારાજ સાથે રંગ રમવાની કરેલી માંગણી. અહીં સ્ત્રી-પુરુષના ભેદ શું ? મહારાજે સમજાવેલી સનાતન પ્રણાલીની પ્રથા અને તેને અભંગ આચરવાનો આપેલો આદેશ. ૩/૨૨૧-૨૨૨

૭. ગઢપુરથી મહારાજ માટે ફૂલના શણગાર લઈને આવેલા નિર્ગુણાનંદ (ગુણાતીતાનંદ) સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી. ૨/૨૨૨

૮. સદ્‌ગુરુ ખેલે વસંત : મહારાજનો પ્રશ્ન અને ઓળખ. એવા સદ્‌ગુરુ કોણ ? ૩/૨૨૩-૨૨૪

૯. મહારાજે સ્ત્રી હરિભક્તોને આપેલા ફગવા-ડાંગરવાનાં જતન ફૈબા અને તેમની સાથેની બહેનોએ માંગેલા મહાબળવંત માયા...... ફગવા. ૩/૨૨૫ થી ૨૨૭

૧૦. હોલિકા ઉત્સવનું રહસ્ય સમજાવતાં મહારાજ - પ્રહ્‌લાદ જેવી ભક્તિ મળે, તેમણે ભગવાન પાસે જે માંગ્યુ તેવું માંગવાની બુદ્ધિ મળે, હોલિકા જેવા આસુરી તત્ત્વોનો અંદરથી અને બહારથી ત્યાગ કરીએ. ૩/૨૨૭-૨૨૮

❑ ❑ ❑